ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૩૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૬ ટકા



માનવીના જીંદગીનો સૌથી સુંદર સમય એ બાળપણનો સમય હોવાનું કહેવાય છે. હસતા રમતા અને કિલકિલાટ કરવા સાથે ખિલખિલાટ હસતાં નિર્દોષ બાળકો ઈશ્વરનું સ્વરૂપ સમાન ગણાય છે. જીવનપથના પ્રથમ ચરણે ડગમગ પગલાં ભરતા ભૂલકાંઓના કોરી સ્લેટ જેવા સ્વચ્છ માનસ પર શિક્ષણના મૂળાક્ષરો અંકિત કરવાનું કામ પ્રિસ્કૂલ નર્સરીમાં કરવામાં આવે છે. ગાંધીનગરના સેકટર-૮ ખાતે સેંટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે પ્રારંભ થયેલ જુનિયર કેજી-સિનિયર કેજીના સત્રના પ્રથમ દિવસે બાળકોના કલરવથી સમગ્ર સંકુલ ગુંજી ઉઠયું હતું.

# બોર્ડની પરીક્ષામાં પાસ 'જય', જીંદગીની પરીક્ષામાં એક દિ'પહેલા ફેઈલ થયો

## નાપાસ થવાના ડરથી આપઘાત કરી લેનાર વિદ્યાર્થી ૫૬ ટકા સાથે પાસ...!

ગાંધીનગર, તા.૧
નિષ્ફળ થવાના ડરથી જીંદગીથી હારી જવું અને કોઈ અનિચ્છનીય પગલું ભરી લેવું કેટલું અયોગ્ય છે તે સાબિત કરતો એક કિસ્સો ધ્યાને આવ્યો છે. ધો-૧૨ સામાન્ય પ્રવાહનો એક વિદ્યાર્થી બે દિવસ પહેલા પરિણામને એક જ દિવસ બાકી હતો ત્યારે નાપાસ થવાના ડરથી ઝુંડાલ કેનાલમાં ઝંપલાવી તેણે આપઘાત કરી લીધો હતો. પરિણામ આવ્યું તો ખબર પડી કે તે તો ૫૬ ટકા સાથે પાસ થઈ ગયો હતો પરંતુ અફસોસ કે આ પરિણામને ચિયર કરવા તે વિદ્યાર્થી જ હયાત નથી...!

૩૧મે એ ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાનું હતું અને ૩૦મી મેએ અડાલજ ખાતે રહેતા જય પારેખનો ઝુંડાલ નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. ધો-૧૨ કોમર્સની પરીક્ષા આપી પરિણામની રાહ જોતો જય પારેખ નાપાસ થવાના ડરથી ડીપ્રેશનમાં આવી ગયો હતો અને પરિણામના એક દિવસ પહેલા જ તેણે આપઘાત કરી લીધો હતો. બીજે દિવસે પરિણામ આવ્યું ત્યારે એ પરિણામ જોવા જય તો ન હતો પરંતુ તે ૫૬ ટકા સાથે પાસ થઈ ગયો હોવાનું જયના પરિવારજનોને જાણવા મળ્યું..! પરીક્ષામાં તો જય પાસ થઈ ગયો પરંતુ જીંદગીની પરીક્ષામાં તે એક દિવસ પહેલા જ હારી ગયો હતો.

## @ગાંધીનગર

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો જિજ્ઞા ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૯૩/૧, સે-૬-સી ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● હેપ્પી યુથ કલબ દ્વારા સવારે ૮ કલાકે સે-૧૩ની નંદનવન આશ્રમશાળા ખાતે વૃક્ષારોપણ તથા ૮.૪૦ કલાકે સે-૧૬માં વિદ્યા લાયબ્રેરી ખાતે બાળકો માટે મેઝિશિયન ડોલરનો જાદુનો કાર્યક્રમ યોજાશે.

# ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાક સેવક યુનિયનનું દ્વિવાર્ષિક અધિવેશન યોજાયુ

ગાંધીનગર, તા.૧
શહેરના સેકટર-૧૬ સ્થિત બ્રહ્મસમાજ ભવન મુકામે ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાક સેવક યુનિયન ગાંધીનગર ડીવીઝનનું દ્વિવાર્ષિક અધિવેશન યોજવામાં આવ્યું હતું. અધિવેશનમાં યુનિયનના પ્રમુખ તથા ડીવિઝનલ સેક્રેટરીની ચુંટણી યોજવામાં આવી હતી.

દ્વિવાર્ષિક અધિવેશનમાં ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, સિનિયર સુપ્રિટેન્ડેન્ટ કે.બી. સિસોદીયા તેમજ કલાસ-૩ યુનિયનના પ્રમુખ એન.બી.ગોલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ગાંધીનગરના તમામ ગ્રામીણ ડાક સેવકો-ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.




અધિવેશનમાં ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાક સેવક યુનિયનના પ્રમુખ તરીકે ડી.આર. જાદવ તથા ડીવિઝનલ સેક્રેટરી તરીકે જીલુભા બી. વાઘેલા અને બી.પી.એમ. લેકાવાડા સર્વાનુમતે બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા.

# શાળાના ગેટ પરથી લાકડાનું પાટિયું પડતા શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧
ગાંધીનગર પાસે આવેલા કુડાસણ ગામમાં નવયુગ વિદ્યાલય પાસે મજૂરીકામ કરી રહેલા ૧૮ વર્ષીય શ્રમિક યુવાન ઉપર લાકડાનું પાટિયું પડતા આ યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. આજે સવારે શાળાના ગેટની પાસે આ યુવાન કામ કરી રહ્યો હતો તયારે અચાનક ઉપરથી માથાના ભાગે લાકડાનું પાટિયું પડતા આ અકસ્માત સર્જાયો હતો. પોલીસે યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મૂળ રાજસ્થાનનો વતની અને હાલ ગાંધીનગર નજીક કુડાસણ ગામમાં

## કુડાસણના નવયુગ વિદ્યાલય પાસે બનેલી ઘટના : ૧૮ વર્ષીય શ્રમિકનું ઘટના સ્થળે મૃત્યુ

પ્રજાપતિ વાસમાં દીપકભાઈ પ્રજાપતિના ઘરે રહેતો ૧૮ વર્ષીય શ્રમિક યુવાન પ્રવીણ ઈશારામ ગરાસીયા આજે સવારે કુડાસણ ની નવયુગ વિદ્યાલય પાસે મજૂરીકામ કરી રહ્યો હતો. શાળાના ગેટ પરથી લાકડાનું પાટિયું અચાનક તેના માથે પડતાં પ્રવીણ ગંભીર રીતે ઘવાયો હતો અને ઘટના સ્થળ પર જ તેનું કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું. તેને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. જો કે તેણે અંતિમ શ્વાસ લઈ લીધો હતો. હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતાં સન્નાટો છવાઈ ગયો હતો. ઘટના અંગે ઈન્ફોસીટી પોલીસને જાણ કરવામાં આવતા પી.એસ.આઈ એચ.બી.પઢેરીયા તેમની ટીમ સાથે ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. શ્રમિક યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઈન્ફોસીટી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શ્રમિક યુવાનનું મૃત્યુ કયા સંજોગોમાં થયું અને તેની પાછળ કોઈની બેદરકારી કારણભૂત છે કે કેમ તે અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

# કરાટેની રાજયકક્ષાની કાતા ચેમ્પિયનશીપમાં ગાંધીનગરના ખેલાડીઓએ ૧૫ મેડલ્સ મેળવી શહેરનું ગૌરવ વધાર્યુ

ગાંધીનગર, તા.૧
ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા તાજેતરમાં માઉન્ટ આબુ ખાતે શિહાન શ્રી અરવિંદભાઈ રાણાનાં માર્ગદર્શનમાં કાતા ટ્રેઈનીંગ અને કાતા ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરનાં ખેલાડીઓએ ૫ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ્સ સાથે કુલ ૧૫ મેડલ્સ મેળવી શહેરનું ગૌરવ વધાર્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર, આણંદ, અમદાવાદ, કચ્છ, સુરેન્દ્રનગર, ભાવનગર અને જૂનાગઢ જિલ્લાનાં ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ગાંધીનગરનાં ગોલ્ડ મેડલ્સ મેળવનાર ખેલાડીઓમાં શ્રી મંથન કાંબલે, શ્રી અથર્વ ત્રિવેદી, શ્રી ઓમ ડી. કલસરીયા, કુ. શિવાંગી એસ. આહીર, કુ. રીયા કે. પટેલનો સમાવેશ થાય છે. સિલ્વર મેડલ્સ મેળવનાર ખેલાડીઓમાં કુ. બંસરી ચાવડા, કુ. લિપ્સી ભટ્ટ, શ્રી યામીન વાય. પરમાર, શ્રી ધ્વનીલ ગ્રીન, શ્રી જૈત્ર એસ. ધોળકીયાનો સમાવેશ થાય છે. બ્રોન્ઝ મેડલ્સ મેળનાર ખેલાડીઓમાં શ્રી દુષ્યન્ત જાદવ, શ્રી અંશ ગજ્જર, શ્રી ઓમ. જે. બ્રહ્મભટ્ટ, કુ. પ્રાચી ગજ્જર અને કુ. વિશ્વા દવેનો સમાવેશ થાય છે.

વિજેતા ખેલાડીઓને ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી શ્રી રજનીકાન્તભાઈ રજવાડી, અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી યુવરાજસિંહ વાઘેલા, માઉન્ટ આબુ સ્થિત આર્ષ મહાવિદ્યાલયનાં આચાર્ય શ્રી ઓમપ્રકાશ આર્ય વગેરે મહાનુભાવોના વરદ હસ્તે મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગાંધીનગરનાં સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા, સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ત્રિવેદી, સેનસાઈ શ્રી યોગેશભાઈ વિશ્વકર્મા, આણંદનાં સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠક્કર, સેનસાઈ શ્રી કમલેશભાઈ વસાવા, જૂનાગઢનાં સેનસાઈ શ્રી હિરેનભાઈ ખૂંટી અને ભાવનગરનાં સેનસાઈ શ્રી કમલભાઈ દવે દ્વારા સેવાઓ પ્રદાન કરવામાં આવી હતી.

# દંપતિ વચ્ચે ઝગડો થતાં બાળકને પિતા લઈ ગયા

## ૧૮૧ અભયમની મદદથી માતાને બાળક પરત મળ્યું

ગાંધીનગર જિલ્લાના એક ગામમાં છુટક મજુરી કરી ગુજરાન ચલાવતા દંપતિને લગ્નજીવનના થોડાક સમયમાં પુત્ર રત્નનો જન્મ થયો હતો. જેને ચારેક માસ થયા હતા અને તે માનું દુધ પી ઉછરી રહ્યું હતું. આ દંપતિ વચ્ચે ધીરે ધીરે નાની નાની બાબતે ખટરાગ થવા લાગ્યા હતા જે સમયાંતરે મોટું સ્વરૂપ ધારણ કરી લેતા પત્ની ચાર માસના બાળકને લઈ પોતાના પિયર આવી ગઈ હતી.

દરમિયાન એક રાત્રીએ આ બાળકનો પિતા અચાનક પત્નીના પિયરે આવી પહોંચ્યો અને પત્ની સાથે ઝગડો કરી મારઝુડ કરી ચાર માસના બાળકને મા પાસેથી છીનવી લઈ પોતાના ગામ આવી ગયો હતો. બીજી તરફ પોતાનો વહાલ સોયો બાળક કે જે હજુ બહારનુ ખાવા-પીવાનું પણ શીખ્યો નથી તેની ચિંતાએ માની મમતા તરફડી રહી હતી. જે માટે તે તરત જ ચિલોડા પોલીસ સ્ટેશનની મદદથી ૧૮૧ અભયમની ટીમને મળી અને હકીકત જણાવી હતી. અભયમની ટીમના કાઉન્સીલર કિંજનબેન ચૌધરી અને પાયલોટ વિષ્ણુભાઈ તાત્કાલિક પતિના ગામ ગયા અને સમજાવટ હાથ ધરી હતી અને બાળકના જીવ ખાતર બાળકને માતાને સોંપવા તૈયાર કર્યા હતા. બાળક મળતા જ માતાની મમતા હૃદયફાટ રૂદનથી વ્હાલમાં ફેરવાઈ ગઈ હતી અને અભયમની ટીમની સમજાવટથી બાળક પાછું મળતા તેણે ૧૮૧ અભયમનો આભાર વ્યકત કર્યો હતો.



ગાંધીનગરની પ્રતિષ્ઠિત મધુર ડેરીના પ્રાંગણમાં સ્થિત ખોડીયાર માતાના મંદિરના સ્થાપના દિન નિમિત્તે વિશેષ ઓમ્ હવન અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા દ્વારા વર્ષ દરમિયાન ડેરીમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓનું સન્માન કરવા સાથે હવન દરમિયાન માતાજીને રાજયમાં સારો વરસાદ વરસે તેમજ કૃષિ પાકોમાં સમૃધ્ધિ આવે તે હેતુથી પૂજા અર્ચના સાથે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે મધુર ડેરી સંલગ્ન દૂધ મંડળીઓના હોદ્દેદારો તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર, ઉપપ્રમુખ ભરત પટેલ અને કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીનો જન્મદિવસ હતો. આ નિમિત્તે કેક મંગાવી જિલ્લા પંચાયતના ચેમ્બરમાં કેક કટીંગ કરી ઉજવણી કરવામાં આવી હતી.

● ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ, મ્યુ. કાઉન્સિલર જતિન પટેલ તથા કાઉન્સિલર નરેશ પરમારનો પણ જન્મદિવસ હતો. તેમના જન્મદિવસની ઉજવણી મનપા ખાતે કરવામાં આવી હતી.

● ઉનાળાની આકરી ગરમીમાં કારમાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે. રાંધેજા ચાર રસ્તા પાસે એક કારમાં આગ લાગવાની ઘટના શુક્રવારે બની હતી.

# કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા શુભેચ્છા સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧
કૈલાસ માનસરોવર સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કૈલાસયાત્રાએ જનારા ગાંધીનગર જિલ્લાના યાત્રીઓ માટે તા. ૩-૬-૨૦૧૮ને રવિવારે વૈજનાથ મહાદેવ મંદિર, સે-૨૧ ખાતે ૪ કલાકે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સમારોહમાં યાત્રી માટે મેડીકલ ચેકઅપ તેમજ માર્ગદર્શન આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ સમારોહમાં સ્ટેટ બેંક પેન્શનર્સ એસોસીએશનના પ્રમુખ સુરેશ રીંડાણી, મેયર પ્રવિણ પટેલ, ધારાસભ્યો સી.જે. ચાવડા તથા શંભુજી ઠાકોર ઉપસ્થિત રહી કૈલાસ માનસરોવરના યાત્રીઓને શુભેચ્છા પાઠવશે. આ ઉપરાંત સમિતિ તરફથી નારિયેળ, સાકરનો પડો તેમજ રૂદ્રાક્ષની માળા દ્વારા યાત્રીઓને શુભેચ્છા પાઠવાશે. આ સાથે જ યાત્રીઓ માટે મેડીકલ ચેકઅપની વ્યવસ્થા પણ કરવામાં આવી છે તેમજ યાત્રીઓને માર્ગદર્શન આપવામાં આવશે.

કૈલાસ માનસરોવર સમિતિ દ્વારા જિલ્લાના દરેક સભ્યોને ૩ જૂન, રવિવારના રોજ વૈજનાથ મંદિર, સે-૨૧ ખાતે સાંજે ૪ કલાકે સામાન્ય સભામાં હાજર રહેવા સમિતિ દ્વારા જણાવાયું છે. સામાન્યસભા બાદ શુભેચ્છા સમારોહ અને ત્યારબાદ આરતી પછી ભોજનની પણ વ્યવસ્થા સમિતિ દ્વારા કરવામાં આવી છે.

# સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સમર કોચિંગ કેમ્પ યોજાયો

## ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પમાં દેશી વિદેશી ૪૬ જેટલા કોચે ૧૪૬૫૩ તાલીમાર્થી ખેલાડીઓને વૈજ્ઞાનિક ઢબે ઘનિષ્ઠ તાલીમ આપી

ગાંધીનગર, તા.૧
ગાંધીનગર સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપક્રમે એક માસ સુધી ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી ૨૬ જેટલી રમતોના કુલ ૧૪૬૫૩ ખેલાડી રમતવીરોને એકસ્પર્ટ કોચ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. તાજેતરમાં રમત ગમત મંત્રીની ઉપસ્થિતિમાં આ કેમ્પનું સમાપન કરાયું હતું.

સમગ્ર ગુજરાતમાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓ અને સેન્ટર ઓફ એકસલન્સના પ્રભાવશાળી ખેલાડી રમતવીરો માટે ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ યોજાયો હતો. આ સમર કેમ્પનું એક માસ દરમિયાન જુદા જુદા ત્રણ તબક્કામાં આયોજન થયું હતું. તા. ૧થી ૧૦ મે ૨૦૧૮ દરમિયાન ખેલમહાકુંભના વિજેતા ખેલાડીઓ માટે જિલ્લા કક્ષાના કેમ્પમાં ૧૦૩૩૯ તા. ૨૪ એપ્રિલથી ૮મી મે દરમિયાન જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલના પી.ટી. ખેલાડીઓના કેમ્પમાં ૧૭૪૧ તથા ૧૨મી મે થી ૧ જૂન દરમિયાન સેન્ટર ઓફ એકસલન્સના પ્રતિભાશાળી અને ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીમાં ૨૫૭૩ તાલીમાર્થીઓને ૨૬ રમતોમાં ૪૬ એકસપર્ટ કોચ દ્વારા વૈજ્ઞાનિક ઢબે ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવી હતી. કેમ્પમાં ટેનિસ, ટેબલ ટેનિસ, ટેકવાન્ડો, વોલીબોલ અને ચેસ જેવી રમતોમાં વિદેશી કોચ દ્વારા ખેલાડીઓને તાલીમ અપાઈ હતી. તાલીમ કેમ્પમાં ખેલાડીઓને રૂ. ૩૬૦ની મર્યાદામાં ન્યુટ્રીશયનના માર્ગદર્શન હેઠળ પૌષ્ટિક ભોજન પણ પુરું પાડવામાં આવ્યું હતું.



એક માસના નિવાસી કેમ્પનું તાજેતરમાં સમાપન થયું હતું.

આ સમાપન સમારોહ ખેડાના નડીયાદમાં યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે રાજયકક્ષાના રમતગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલ, અતિથિવિશેષ પદે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ વી.પી. પટેલ, સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જતિન સોની, ખેડા કલેકટર આઈ.કે. પટેલ અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ ડૉ. ડી.ડી. કાપડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસ ગાંધીનગરનો પ્રારંભ

## ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ-લાયોનેસના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૧
ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે તા. ૨૯મી મે મંગળવારે સાંજે ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસ સંસ્થાનો પ્રથમ શપથવિધિ સમારોહ યોજાયો હતો. આ ઉપરાંત ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સનો દ્વિતિય શપથવિધિ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઈન્ડિયન લાયન્સ સંસ્થાના સ્થાપક કૌશિકભાઈ બુમિયા સહિત સંસ્થાના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ડિયન સ્વર્ણિમ લાયોનેસના પ્રથમ પ્રમુખ તરીકે શિલ્પાબેન દેસાઈની વરણી કરાઈ હતી. જેમની આગેવાની હેઠળ ઉપપ્રમુખ ભાવનાબેન દેસાઈ તથા મનિષાબેન ગોહેલ, સેક્રેટરી રેખાબેન પંડિત, પ્રીતિબેન મિશ્રા અને ઉમાબેન સુતરીયા, ખજાનચી રશ્મિબેન ગોંડલિયા સહિત અન્ય કારોબારી સભ્યોએ શપથગ્રહણ કર્યા હતા. આ ઉપરાંત ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમના દ્વિતિય શપથવિધિ સમારોહમાં પ્રમુખ પદે કુંપલબેન દવે, ઉપપ્રમુખપદે કિન્નરભાઈ શાહ તથા કિશોરભાઈ દેસાઈ સેક્રેટરી ડૉ. ધૈવતભાઈ શુકલ, પલ્લવીબેન મેહતા તથા સંજીવભાઈ યાદવ અને ખજાનચી પ્રશાંતભાઈ મેહતા સહિત કારોબારી સભ્યોએ શપથગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પદે સંસ્થાના નેશનલ ચેરમેન હીતેશભાઈ પંડયા, વાઈસ નેશનલ ચેરમેન આશાબેન પંડયા ઉપસ્થિત રહ્યા હતા. શપથવિધિ સમારોહમાં પુરોહિત તરીકે રેખાબેન ચેટરજી તથા અક્ષયભાઈ ઠકકરે સેવાઓ પુરી પાડી હતી.

## ચિરવિદાય

- સ્વ. કેશરબા ગોપાળજી વાઘેલા, ઉ.વ. ૮૧
- સ્વ. સૂર્યપ્રસાદ શાંતિલાલ જોશી, ઉ.વ. ૭૪
- સ્વ. ગજીબેન નથ્થુજી ઠાકોર, ઉ.વ. ૭૪
- સ્વ. હેમંતસંગ ગગજીભાઈ પરમાર, ઉ.વ. ૬૭
- સ્વ. ભરતભાઈ ધરમસિંહભાઈ ઓડ, ઉ.વ. ૨૨
- સ્વ. રજુજી ગલાબજી ઠાકોર, ઉ.વ. ૩૮
- સ્વ. શામળજી શિવાજી બિહોલા, ઉ.વ. ૬૦
- સ્વ. મુળાજી રામાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. રાધાબેન મુળાજી ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ. ઠાકોર ક્રિશ્નાબેન શૈલેશજી, ઉ.વ. ૨૨
- સ્વ. તારાબેન ગોરધનભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૮